## જાહેરાત ક્રમાંક –

## ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવા બાબત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ કર્મચારીનો જગ્યાઓતદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર ધોરણે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૮-૧૨-૨૦૨૩ **થી** તા.૦૭ -૦૧-૨૦૨૪ સુધીમાં આરોગ્યસાથી સોફ્ટવેરની લીંક **https://arogyasathi.gujarat.gov.in** પર PRAVESH મોડ્યુઅલમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબછે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (કુલ જગ્યા – ૧૨ ગ્રામ્ય કક્ષાએ ) | શૈક્ષણિક લાયકાત : સીસીસીએચ પાસ કરેલ (SIHFW વડોદરા દ્વારા બોન્ડેડ) ઉમેદવારોને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. * ભારત સરકાર દ્વારા સીસીસીએચ નો કોર્ષ બી.એસ.સી. નર્સીંગ તથા પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સીંગ ના કોર્ષમાં જુલાઇ – ૨૦૨૦થી સામેલ કરેલ હોય જુલાઇ –૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા બી.એસ.સી. નર્સીંગ પાસ કરેલ ઉમેદવારો. તથા ગુજરાત નર્સિંગ કાઉન્સેલીંગનું રજીસ્ટ્રેશન સાથે લાવવું ફરજિયાત છે. | મહતમ ૪૦ વર્ષ | રૂ.૨૫,૦૦૦/- + રૂ.૧૦,૦૦૦/- (પરફોર્મન્સ લીંક ઇન્સેન્ટીવ) |

**ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની જરૂરી સૂચનાઓ :**

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઇન **https://arogyasathi.gujarat.gov.in** પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરિયર/ સાદી ટપાલ/રૂબરૂ કે અન્ય રીતે મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.

૨. સુવાચ્ય ઓરિજિનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે

૩. અધૂરી વિગતો વાળી, ઉમેદવારે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્ર, એચ.એસ.સી., ગ્રેજ્યુએટના અટેમ્પટ સર્ટિફિકેટ અને અન્ય જરૂરી પ્રમાણપત્ર જોડેલા નહી હોય, તો તેવી અરજીઓ અમાન્ય ગણાશે

૪. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વય મર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:૦૭-૦૧-૨૦૨૪ ની સ્થિતીએ ધ્યાને લેવામાં આવશે

૫. ઉમેદવાર એક પોસ્ટ માટે એક કરતાં વધારે અરજી કરી શકશે નહી

૬. ભરતીની પ્રક્રિયા સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે. એક સરખા મેરિટના કિસ્સામાં જે ઉમેદવારની વય વધારે હશે, તેને અગ્રતા આપવામાં આવશે.

૭. નિમણૂક પામેલ ઉમેદવારની અન્ય જિલ્લામાં બદલી થઈ શકશે નહી.

૮. નિમણુંકને લગત આખરી નિર્ણય મીશન ડાયરેકટર, ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

સ્થળ : રાજકોટ
તા. ૨૬/૧૨/૨૦૨૩

(સહી/- અવાચ્ય)
મિશન ડાયરેક્ટરશ્રી
ડિસ્ટ્રિકટ હેલ્થ સોસાયટી
અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રાજકોટ